# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ચોરને મળે પાતર, જીભની કાતર પડે છે,
‘બે નંબરી’ ગ્યું નથી, છતાં ઢીલાં ગાતર પડે છે,
ભાષણે ત્રાસેલા ચોર લઇ ગ્યા ‘મ્યુઝીક સિસ્ટમ’
ચોરનાં બેન ને ત્યાં પણ હવે ખાતર પડે છે

## હાઈકુ

ધનની ભીંસે,
ભાજપ ને ભરડો
ખરીદો ‘સંઘ’
(ઔદ્યોગિક અજગરે..)

‘ભરો ત્રભાણું’
વર મરો કે કન્યા!
‘મને સત્તા દો!’
(કોઇના પણ ભોગે..)

## ચિંતન

**શત દદ્યાજ્ઞ વિવેદેદિતિ વિજ્ઞસ્ય સંમતમ્ ।**
**વિના હેતુમપિ દ્વંદ્વ મેતન્મૂર્ખસ્ય લક્ષણમ્ ॥**

‘સમજુ અને જ્ઞાની માણસનો એવો મત છે કે ભલે પૈસા આપવા પડે તો આપીને પણ વિવાદનો અંત આણવો, વાદવિવાદ, ટંટોફસાદ કરવાં નહીં, પરંતુ મૂર્ખ-દુર્જન લોકોનું લક્ષણ અને માન્યતા-સ્વભાવ એવાં હોય કે કારણ ન હોય તો ઉપજાવીને પણ કજીયો-કંકાસ કરવા.’

કેટલાક લોકો શાંતિપ્રિય હોય છે વાદ-વિવાદ, કજીયા-કંકાસ અને જીદથી દૂર જ રહેવા ઇચ્છતા હોય છે એટલું જ નહીં થોડી ઘણી અગવડ, કે અન્યાય સહન કરીને પણ ‘વાજબી’ માગણી-હક્ક જતો કરી માનસિક શાંતિ મૌન રહી વિવાદ-કંકાસ ને ટાળે છે. પતિ-પત્નીને પોતાની આગવી માન્યતાઓ નિશ્ચિત-મક્કમ વર્તણૂંક બાંધછોડ હું તો ન જ કરું જેને કરવું હોય તે - સામું પાત્ર જ કરે આવી જીદ-જક્કી વલણ અને પોતાની માન્યતાઓને સત્યનું સ્વરૂપ સમજી પકડી લે ત્યારે ઘર ભંગ થાય છે, સંબંધો તૂટે છે, જો બેમાંથી એક પાત્ર ‘નમતું’ જોખી, માન-અપમાન જતાં કરી, નમ્રતા કેળવે તો જ ‘ગાડું’ ચાલે. શાંતિ-સુખમાં રહેવા સહનશક્તિ અને ક્ષમાભાવ ખુબ જ જરૂરી છે.

પરંતુ કેટલાક લોકો સ્વભાવ જ ‘આવ પાણા પગ પર પડ’ જેવો હોય, વિના કારણ બોલબોલ કરી શાંત સરોવરમાં પથ્થરા નાખે અને પોતે ઊભાં કરેલાં વમળમાં ફસાય છે. ‘શાંતિ’ એમના સ્વભાવની સીમા રેખાની બહાર જ રહે છે. ઉધારા કજીયા કરે - કજીયો કર અથવા કરવા વાળો દે..

## સુવિચાર

- સખતમાં સખત કાયદો પણ, સમાજને પરિશ્રમી, ઉડાઉને વ્યવસ્થિત, શરાબીને નિર્વ્યસની, ક્રોધીને શાંત, દુરાચારીને સદાચારી, ભીરૂને ભડવીર જુઠ્ઠા લબાડને સત્યવાદી બનાવી શકતો નથી, આને માટે તો જાતે જ પોતાને સુધારવા પ્રયત્ન કરવો પડે- **બાલકૃષ્ણ ભટ્ટ**
- કાયદો પાપને શોધી શકે છે પણ એને મિટાવી શકતો નથી - **લિંકન**
- કાયદો મનુષ્યને અધિકાર આપે છે પણ અધિકારનો ઉપયોગ કરવાની શક્તિ-તાકાત આપતો નથી, ‘કાયદો ઘોડાને પાણી’ બતાવી શકે પણ ફરજિયાત પીવડાવી ન શકે - **દાદા ધર્માધિકારી**
- કાયદો, એક એવી ઊંડી ખાઇ છે જેનું તળિયું જ નથી - **અર્બૂથ નોટ**
- મારા સિવાય બધા જ કાયદાનું બરાબર પાલન કરે એવી જ સૌની અપેક્ષા હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જગતમાં બુધ્ધિનો સૌથી વધુ દુરૂપયોગ માનવ પ્રાણી જ કરે છે - **ચાંપશી ઉદ્દેશી**

## બોધકથા

આપણે આપણાં નાનાં બાળકોનાં હૃદયના ભાવ, લાગણી, વાત્સલ્યને સમજી નથી શકતા કે તેની કદર પણ કરતા નથી, એને માટે એવી દૃષ્ટિ જોઇએ. શ્રી ધૂમકેતુ એ (પોસ્ટ ઓફિસ) લખ્યું છે કે જો આપણે બીજાની દૃષ્ટિએ દુનિયાને જોવાનું શીખી જઇએ તો દુનિયાનાં અર્ધાં દુઃખ ઓછાં થઇ જાય..

માર્ક ટવેનની પાંચ વર્ષની પુત્રી ઘરમાં ઉદાસ રહેતી હતી. પિતાજીએ એકવાર તેને ટોકી હતી કે, ‘નાની નાની વાતે વડીલોને પરેશાન ન કરવાં.’

માર્કે જોયું. ઉદાસીનું કારણ પૂછ્યું. પુત્રીએ નિર્દોષ ભાવે કહ્યું, મારી ઢીંગલીનો પગ ભાંગી ગયો છે. મારે એનું પ્લાસ્ટર કરાવવું છે એ ઊભી પણ રહી નથી શકતી. પુત્રીની આંખમાં ઝળઝળીયાં હતા.

માર્ક ટવેન તરત બોલ્યા, અરે બેટા, આ તો મોટી વાત કહેવાય તું ત્રણ દિવસ સુધી બોલી કેમ નહીં. ચાલ, મારી સાથે ગાડીમાં જઇ આપણે પ્લાસ્ટર કરાવી લાવીએ!

માર્ક ટવેન પોતાના ઓળખીતા મિત્ર ડોકટર પાસે ગયાં અને સનકારે ગંભીર વાત કરી ઢીંગલીનું પ્લાસ્ટર કરાવ્યું.

બાળકીના ચહેરા પર સ્મિત ઉભરાયું, ઉદાસી ઉડી ગઇ...

# પ્રકૃતિની સાથે પરીશ્રમ કરી જીવવું અને સૃષ્ટિની અંદર એક બીજી સૃષ્ટિ રચવાનો સુખદ અનુભવ કરવાની સરળતા અને સહજતા જે તેમની પાસે હતી તે શબ્દાતીત હતી

**નવાં ક્લેવર**
**- નટવર હેડાઉ**

તે દિવસે શંકરભાઈને ઘેર જમવાનું તો બન્યું પણ ઘરનાં છ સભ્યોમાંથી કોઈના ગળે કોળિયો ઉતર્યો નથી. શંકરભાઈની પત્ની પાર્વતીએ સૌને જમવા માટે આગ્રહ કર્યો પણ કોઈ માન્યું નહીં. મન મારીને તેને ભૂખ્યા જ સુવું પડ્યું.

સૂતાં તો બધા ખરાં પણ કોઈને ઊંઘ આવતી ન હતી. ઘરમાં કહેવા પુરતા બે ઓરડા હતા. રસોડું અને બેઠક રૂમ. શંકર અને તેના બન્ને દીકરાઓ હરિ અને કરશન બેઠકરૂમમાં સૂતા. પાર્વતી અને તેમની વહુઓ રસોડામાં સૂતી. ઘર કાચું હતું. પહેલાં તેના પર દેશી નળીયાં હતાં. હવે દેશી નળીયાંની જગ્યાએ વિલાયતી નળીયાં આવી ગયાં હતા.

શંકરનાં દુઃખ અને ક્રોધનો કોઈ પાર ન હતો. તે જાણતો હતો કે સમયની આંધીએ કેટલાયના છાપરાં ઉડાડી મુક્યાં હતા. પણ તેના ઘરના પાયા હચમચી જશે એવું તો તેણે સપનામાં પણ વિચાર્યું ન હતું. છેલ્લા થોડા સમયથી હરિ અને કરસનના રંગઢંગ બદલાયેલા જણાતા હતા. પણ તેને એ વાતની જરાય શંકા પણ નહોતી કે તેની સામે આવી વાત આવીને ઊભી રહેશે.

‘પપ્પા, દેસાઈ સાહેબ કહેતા હતા. જમીન વેચી દો, સારા એવા પૈસા મળશે. તમારા બાપુજીને સમજાવો.’

‘અચ્છા તો હવે તમે બહુ સમજદાર થઈ ગયા છો ખરું ને! મને સમજાવશો!’

શંકરે આવું કહ્યું તેથી બન્ને ગભરાઈ તો ગયા પણ પછી હિંમત કરીને બોલ્યા. ‘ખેતીમાં રાત-દાડો તૂટીએ છીએ પણ હાથમાં કાંઈ આવતું નથી. કરજો જ્યાનો ત્યાં છે ને વ્યાજ વધતું જાય છે.’

ખેતીમાં હું અને તમારી મા કામ કરીએ છીએ. તમારી બાયડીઓતો ત્યાં આવતી નથી. ખાવા પૂરતું, અનાજ આવે છે. શાકભાજીનું નીકળે છે. તમે બન્ને ફેકટરીમાં કામ કરો છો તેનાથી દેવું ચુક્તે થાય તેમ છે. તમારી ઘરવાળીઓ ખેતીમાં કામ કરે તો સારી આવક થઈ શકે તેમ છે. ખેતીમાં આવક ભલે હોય કે ન હોય પણ બાપદાદાની આ જમીન કાંઈ વેચવા માટે હોતી નથી. જમીન તો મા છે. મા ને કંઈ વેચી શકાય ખરી?

આથી વધુ શંકર કંઈ કહી શક્યો નહીં. તેણે પોતાની પથારી પાથરી અને સૂવાની કોશિષ કરવા લાગ્યો. પણ ઊંઘ આવતી ન હતી. તેને ખબર હતી કે શહેરની નજીકનાં ગામડાંઓની જમીનો ધડાધડ વેચાઈ રહી હતી. ખરીદવાવાળા કોડીની કિંમતે ખરીદતા અને સોનાને ભાવે વેચતા હતા. મોટા ભાગે ઠાકોર અને ઈતર કોમોની જમીનો વેચાતી હતી. તેના ભાઈએ પણ પોતાની જમીન વેચી હતી. તેની જમીનનો કબજો શંકર પાસે હતો. તેણે કબજો આપ્યો ન હતો. તેનો કેસ ચાલતો હતો. આજે તેના દીકરા જ તેની સામે પડ્યા હતા. તેના માટે આ અસહ્ય થઈ પડ્યું હતું. તેણે પોતાનું ઓઢવા પાથરવાનું લીધું અને ખેતરની બાજુ ચાલી નીકળ્યો.

શંકરને ખબર નહોતી કે સમયની સાથે સપનાંઓ પણ બદલાય છે. શંકરનું સપનું વિલાયતી નળીયાવાળું ઘર અને કૂવા પરના મશીનથી આગળ વધ્યું ન હતું. પણ હરિ અને કરશનના સપનામાં ધાબાવાળું પાકું મકાન જેમાં અલગ બેડરૂમ અને એટેચ બાથરૂમ હતાં. તેમનું સપનુ હતું કે તેમની પત્નીઓ સુગંધી સાબુ અને શૅમ્પુથી ન્હાય. અને તૈયાર થઈ તેમની પાછળ મોટર સાઈકલ પર બેસી ફરવા નીકળે. ખેતીની જમીન વેચવાથી તેમના સપના સાકાર થઈ શકે તેમ હતા. આવા અનેક હરિ અને કરશનનાં સપનાંઓએ અનેક ભૂમાફિયાઓને જન્મ આપ્યો હતો. જે જોર જબરદસ્તી જમીનો ખરીદી લેતા હતા. કુટુંબનો બસ એક સભ્ય હાથમાં આવવો જોઈએ. તેની સાથે એગ્રીમેન્ટ કરાવી તેને બાંધી લેતા હતા. બાપદાદાની મિલ્કતમાં દીકરાઓનો હક્ક હોય છે. આમ સમજાવતાં લંકામાં અનેક વિભિષણો પેદા થઈ જતા હતા. શંકર અને પાર્વતી જેવા લોકો પાસે સપનાં જોવા અને તેને પુરાં કરવાનો સમય જ કયાં હતો. તે તો સાચનું જીવન જીવતાં. તે સાચતું મરતાં. તેઓ અનુભવી શકતાં હતાં. પણ તેને વ્યક્ત કરી શકતાં ન હતાં. ભણેલા ગણેલાંની જેમ કાગળ પર પોતાની વાત રજૂ કરી શકતાં ન હતા. પ્રકૃતિની સાથે પરીશ્રમ કરી જીવવું અને સૃષ્ટિની અંદર એક બીજી સૃષ્ટિ રચવાનો સુખદ અનુભવ કરવાની સરળતા અને સહજતા જે તેમની પાસે હતી તે શબ્દાતીત હતી. તે અનુભવની વસ્તુ હતી. તેનું વર્ણન થઈ ન શકે. એ તો તેને જ ખબર પડે જેણે માંચડે ચડી પંખી ઉડાડ્યાં હોય, ખેતરમાં ઝાડની ડાળે હિંચકા બાંધ્યા હોય. ખેતર ને જમીન જેવા લોહી માંસમાં ભળી ગઈ હોય. ધરતીની ઉર્જા અને ઉષ્માને જેણે પોતાની આંગળીના ટેરવે અડકીને અનુભવી હોય. ખેડીને તૈયાર કરેલી ધરતીની સુંદરતા ને જેણે પોતાની આંખમાં ભરી હોય. ખુબ જ સાચવીને ઉછેરવા આંબાને જયારે પહેલીવાર મૉર આવે અને તેના પર ફળ બેસે ત્યારે ખેડૂત ને જે રાજીપો થાય તેને રૂપિયામાં કોઈ રીતે માપી કે તોલી શકાય ખરો.

પાર્વતી અને શંકર જેવા લોકો પણ એકબીજાને પ્રેમ કરે છે. તેમનો એ પ્રેમ ‘આઈ લવ યુ’ જેવાં વાક્યોથી વ્યક્ત થતો નથી કે તેમને સુગંધી સાબુ અને શૅમ્પુથી બંધ બાથરૂમમાં નહાવાની જરૂર હોતી નથી. તેમનો પ્રેમ તો સહચર્યમાં મહેકે છે. પ્રકૃતિના ઉર્વર પ્રાંગણમાં પલ્લવિત પુષ્પિત થાય છે. કંઈ લેવાન વિચાર સુધ્ધાં આવતો નથી. પ્રેમના બંધનથી બંધાયેલી પેઢીઓની પેઢીઓ સાથે રહે છે. શંકરના દાદા, દાદી, માતા, પિતા શંકર અને પાર્વતી બધાં એક જ ઘરમાં રહેતાં હતા. તેઓ જાણતાં કે બીજાના સુખે સુખી થવું એ પોતાના માટે જીવવા કરતાં વધુ આનંદદાયક છે.

એક સંસ્કૃતિ હતી જેમાં પૂર્વજો મૃત્યુ પછી પણ પોતાના વંજશો સાથે રહેતાં હતા. ઘરમાં તેમનું એક સ્થાન રહેતું. તહેવારોમાં ત્યાં દીવો થતો. લગ્ન પ્રસંગે જાગરણ થતાં. ગીતો ગવાતા. ઘણું થતું. નદીઓને ગટરનાં પાણીથી ગંદી અને હવાને ધુમાડાથી પ્રદૂષિત કરનારી અને માણસને સ્વકેન્દ્રી બનાવનારી સભ્યતા એ બધું હણી લીધું. હવે વહુ આવતાં પહેલાં જ પોતાના જુદા ઘરનો વિચાર લઈને આવે છે.

જમીન અને ખેતીની સાથેના પેઢીઓના સંબંધો સાથે હવે કોઈને લેવા દેવા નથી. સુખ સુવિધાઓ માટે ગમે તે કરવા તૈયાર થનારને માટીની મહેંકની કિંમત કયાંથી હોય? તેમને તેની ખબર પણ કયાંથી હોય. ખેતરમાં મોલ લહેરાતો હોય ખેડૂતોનો પરસેવો, સોનું બનીને ચમકતો હોય, ત્યારે તેને કેવું લાગે. એ તો તેને જ ખબર પડે જે પરસેવો માટીમાં મેળવવાની સૂઝબૂઝ ધરાવતો હોય.

તે દિવસે શંકર પોતાનું ઓઢવા પાથરવાનું લઈ ખેતરે કૂવા પર આવ્યો તે પછી સૂવા માટે ઘેર ગયો નથી. હવે એ ત્યાં જ રહે છે. ઘેર જાય તો પણ ખાવા પૂરતું. મોટા ભાગે તો પાર્વતી તેના માટે ભાત લઈ આવે છે. પણ ભૂમાફિયાઓ શંકરને છોડે તેમ ન હતા. ઉનાળાનો સમય હતો. શંકર તેના ખેતરમાં ખૂણે આવેલા લીમડાના ઝાડ નીચે સૂઈ રહ્યો હતો. રાત્રે આવીને ભૂમાફિયાઓનાં ગુંડાઓએ તેના પર હુમલો કર્યો. સંજોગ વશાત આજુબાજુના લોકો જાગતા હતા. તેની બૂમાબૂમ સાંભળીને તેના ભાગીદાર રમણ અને બાજુના ખેતરવાળો કાંતી દોડતાં આવી જતાં ગુન્ડાઓ ભાગી ગયા. નહીંતર એ લોકો શંકર ને જાનથી મારી નાંખત. તેમાં એક પગનાં હાડકાં ભાંગી નાંખેલા. શરીર અને હાથમાં પણ વાગ્યું હતું.

શંકરના છોકરાઓને સમાચાર મળતાં તેને જીપમાં નાંખીને ગાંધીનગર સીવીલ હોસ્પિટલના ઈમર્જન્સી વૉર્ડમાં લવાયો. મેડિકોલીગલ કેસનાં કારણે ઈલાજમાં વિલંબ થયો. પોલીસ એની રીતે આવી. કારણ કે ભૂમાફીયાઓનાં લાંબા હાથ ત્યાં સુધી પહોંચી ચુક્યા હતા. કોઈ પકડાયું નહીં. લાંબો સમય સારવાર ચાલી. બે ત્રણ મહીને હારેલો થાકેલો શંકર વૈશાખીને સહારે ઘેર પાછો ફર્યો. તે એકલો બેઠો પોતાની આપવીતી કહેતો હોય એમ બબડ્યા કરતો. ‘મને દાદાએ આ જમીન દીધી છે. પચ્ચીસ વીઘાં છે. મારા ખેતરે આંબાનું ઝાડ છે એ શાસ્ત્રીજીએ વાવેલું. પેલા ટેકરાની પાછળ એક તળાવ છે એ બાજુથી ઘોડા પર બેસીને એ આવતા. જયારે કેરીઓ ઉતરે ત્યારે અડધી અમે તેમને આપતા. મારા દાદા ખુબ મહેનતુ અને હિંમતવાળા હતા. દાદી અમને ખુબ જ વ્હાલ કરતાં. મારો નાનો ભાઈ બળદેવ કામચોર અને આળસુ હતો. તે ખોટી સંગતે ચડી જતાં તે બાપદાદાની જમીન વેચી ન દે તે માટે મેં જમીનના ભાગ ભાડી દીધા પછી પણ તેને કબજો આપ્યો નહોતો. હું ખેતી કરતો અથવા ભાગેથી કરાવતો. તેમાં અડધો ભાગ તેને આપી દેતો. પણ હવે તો લોકો જમીન પડાવી લેવા રીતસર પાછળ પડી ગયા છે. જમીન મારા પૂર્વજોની નિશાની છે. જમીન તો મા છે મા.’

શંકરના આ કથનમાં રેડ ઈન્ડિયનના પૂર્વજ સિએટલનો સંભળાય છે. સિએટલને અમેરિકાની સ્ટેટ ઑથોરીટીએ કહ્યુ કે રેડ ઈન્ડિયન્સ તેને લેખિત કરાર કરી આપે કે રેડ ઈન્ડિયનો આ અમેરિકાની જમીન યુનાઈટેડ સ્ટેટને વેચે છે. તેની સામે સિએટલે પ્રશ્ન કરેલો કે, ‘તમે તો સૌ ભણેલા ગણેલા છો, મોટા માણસો છો મને એ કહો કે જે જમીન અમે ખરીદી નથી તે અમે વેચી શકીએ કઈ રીતે? આદિવાસીઓનો આ પ્રશ્ન આજે પણ સભ્ય સમાજની સામે ઊભો છે. જયાં સુધી પ્રાકૃતિક રીતે મળેલ વસ્તુઓને ખરીદવા અને વેચવાનું થશે ત્યાં સુધી માનવ માનવ વચ્ચે સંઘર્ષ થવાનો જ છે. આ સંઘર્ષ થશે છતાં સમૃધ્ધિ તો આવશે. વિકાશ પણ થશે, પ્રગતિ પણ થવાની પરંતુ સુખ અને શાંતિ નહીં મળે.’

ધરતી મા હોય છે. તે પાલન પોષણ કરે છે. તેને વેચી કઈ રીતે શકાય. આ પ્રશ્ન એકલા શંકરનો નથી. લાખો-કરોડો લોકોનો છે. લોકો ધરતીમાં ને વેચવા માંગતા નથી. પણ સરકાર જનહિતના કામો માટે ખરીદવા માંગે છે. ભૂમાફિયા અને દલાલો તેમાંથી કમાવા માંગે છે. તેથી યોજનાબધ્ધ રીતે પરિસ્થિતિ એવી ઊભી કરવામાં આવે છે કે ધરતીમાતા વેચાઈ જાય છે. શંકર તેને બચાવી શકશે કે નહીં એ તો સમય જ કહેશે. આજકાલ પરિસ્થિતિ જ એવી છે કે મહામૂલીને વેચી ખેડૂત મજૂર બની ગયો છે. જયાં સુધી શરીર ચાલશે ત્યાં રોટલો રળશે. પણ શક્તિ ગુમાવી દેશે ત્યારે કઈ મા રોટલો આપવા આવશે? સવાલોની બાણશૈયા પર આજે કરોડોનું ભવિષ્ય સૂતું છે.

- vanvihari@gmail.com

# હિન્દી ફિલ્મોનાં રૂપેરી ૧૦૦ વર્ષમાં મધુબાલાથી માધુરી દિક્ષિત અને શમ્મી કપૂરથી શાહરૂખ સુધીનાં સ્ટાર્સે અપનાવેલો ફેશન ટ્રેન્ડ!

**Hello ફ્રેન્ડસ!**
**- સંજય થોરાત**

ભારતીય સિનેમા એનાં ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યાની ઉજવણી ધામધૂમથી કરી રહ્યું છે. આ સો વર્ષમાં જેમ ‘રામ રાજય’ પિકચરથી ‘જન્નત -૨’ સુધીની હજારો ફિલ્મોના પ્રવાસમાં બદલાવ આવ્યો જ એવો જ રાપચીક ચેન્જ સિનેમાની ફેશન્સમાં અને દેશની યુવા પેઢીની ફેશન સ્ટાઈલમાં આવ્યો છે!!

દેવાનંદના વાળનો ફુગ્ગો, રાજકપૂરની ઝીણી મૂંછ, શમ્મી કપુરનાં ફેબ્યુલસ કોટ, રાજેશ ખન્નાના ઝભ્ભા, અમિતાભ બચ્ચનના કાન ઢાંકતાં વાળનાં વાંકડીયાની સ્ટાઈલ, બેલબૉટમ અને શોર્ટ જેકેટ્સ, જિતેન્દ્રના સફેદ શુઝ, મિથુનનાં ડાર્ક કલરના પેન્ટ, ઋષિ કપૂરનાં અમેઝીંગ સ્વેટર્સ, ગોવિંદાનાં રંગબેરંગી કપડાં, ઋત્વિકના જીન્સથી છેક રણબીર કપૂરના ફંકી ડ્રેસેસ સુધીની સફર...

મધુબાલાના ઘાયલ કરતાં વાંકડીયા ભુરા વાળ, વહિદા રહેમાનનાં લાંબા કાળા વાળ, સાધનાનો સાધનાકર, મુમતાજ - આશા પારેખનાં બૉડી ટાઈટ ઉભાર બતાવતાં પંજાબી ડ્રેસ, શર્મિલા ટાગોરનાં વાળનું મોટું માથે પીલ્લું અને કાળું કાજળ, નીતુ સિંઘના જાઘનું દર્શન કરાવતાં મીનીસ્કર્ટ, જીન્નત અમાનની બીકીની, પરવીન બાબીનાં ગાઉન, રેખા- જયાપ્રદાની સાડીઓ, માંગમાં ભરેલું કંકુ અને બંધગળાનાં બ્લાઉઝ, શ્રીદેવીનાં પેસ્ટલ કલર્સ, માધુરી દિક્ષીતનાં બેકલેસ બ્લાઉઝ, જુહી ચાવલાનાં ઓફ શોલ્ડર ફોક્સ, કરિના કપૂરની માઈક્રો મિનિજ, કાજોલની ભ્રમર - લો કટ ડ્રેસ, કરીના કપૂરની ઝીરો ફિગર્સ, પ્રિયંકા ચોપ્રાનાં મલ્ટીકલર ડ્રેસ અને વિદ્યા બાલનની સુંદર સાડી અને થ્રી ફોર્થ બ્લાઉઝ...




છેલ્લાં સો વર્ષોમાં હિન્દી ચિત્રપટ સૃષ્ટી જેટલી ઝડપથી બદલાઈ એટલી જ ઝડપથી આ ઈન્ડસ્ટ્રીમાં કામ કરનારાં સ્ટાર્સની ફેશન પણ બદલાતી ગઈ. પછી એ કપડાં હોય, વાળની સ્ટાઈલ હોય કે પછી મેક-અપ, સ્ટાર્સની ફેશન બદલાઈ એજ પ્રમાણે એ જનરેશન પણ એવી જ ફેશન અને સ્ટાઈલ મારતાં દેખાય છે!!

કરિના કપૂરનું ‘જબ વી મેટ’ અને એના લહેંગા લગભગ બધી કોલેજીયન છોકરીઓની ફેશન સિમ્બોલ બન્યાં. આમીર ખાનની ‘ગઝની’ની હેરસ્ટાઈલ અપનાવનારા બૉડી બિલ્ડરો કાંઈ ઓછા નહોતાં. રાજશ્રી બેનરની સુપર ડુપર હીટ ફિલ્મ ‘મૌંને પ્યાર કિયા’ની કૅપ , જૅકેટ અને ભાગ્યશ્રીનો પેલો સફેલ પંજાબી ડ્રેસ તો પછી દરેકે દરેક શહેરનાં રેડીમેડ ગાર્મેન્ટનાં સ્ટેચ્યુને પહેરાવેલો દેખાતો એટલી હદે ચવાઈ ગયેલો!! એ ડ્રેસ એટલો ફેમસ થયેલો કે ‘મેને પ્યાર કિયા’નો ડ્રેસ કે કેપ આપો એવું દુકાનદારને કહેવાતું!

અમિતાભ બચ્ચનની ‘દિવાર’ની હેર સ્ટાઈલ એટલે સ્કૂલ - કોલેજમાં વિદ્યાર્થીઓ માટે ક્રેઝી સ્ટાઈલ, એ વાળ સેટ કરવામાં બે રૂપિયે કટીંગના જમાનામાં રૂા. ૧૦ ઠોકી લેવાતા, હેર સ્ટાઈલ ના બગડે એ માટે યુવાનો વાળ સેટ કરાવ્યા બાદ આઠ - આઠ દિવસે ન્હાતાં નહી અને એ વાળને સેટ કરવાનો સ્પેશ્યિલ કાંસકો હરતાં - ફરતાં, ભણતાં ફેરવતાં જ રહેતાં... દેવાનંદની વાળની આગળથી ફુગ્ગો રાખવાની સ્ટાઈલ તો કોઈનાંય ઘરનો બ્લૅક એન્ડ વ્હાઈટ આલ્બમ ફેરવશો ફોટામાં મળી આવશે!!

આશા પારેખ જેવાં ટાઈટ પંજાબી ડ્રેસ પહેરનારી એક આખી પેઢી સીત્તેરનાં દશકામાં યુવતીઓની સ્ટાઈલમાં દેખાતી. આજે ૬૦ની ઉંમરે પહોંચેલી પ્રૌઢ સ્ત્રીઓએ એ જમાનામાં બંધ ગળાનાં બ્લાઉઝની ફેશનની કોપી રેખામાંથી કરેલી. જયાપ્રદા જેવી સાડીઓ અને બંગડીઓની ફેશન તાજાં તાજાં પરણેલાં અને હનીમૂનમાં ઉપડેલી યુવતીઓમાં ખાસ દેખાતી!! આપણી નેકસ્ટ જનરેશન પણ આપણાં આલ્બમમાં લૉ વેસ્ટ જીન્સ, સ્પેગીટી ટૉપ, કુર્તા અને લેગીંઝ જોઈ આપણાં વિશે આવી જ ફેશનની વાતો કરશે!!

આ બધામાં એક મહત્વની વાત એટલે હવે સિનેમાનો દૃષ્ટ્રીકોણ બદલાયો છે. એક જમાનો હતો જયારે ગરીબ ઘરનો યુવાન સુધ્ધાં ચકાચક કપડામાં રહેતો. કારણ એની ફિલ્મમાં ભૂમિકા ગરીબ ઘરની હોવા છતાં એ છેલ્લે તો હીરો જ હતો. એમ જ કામવાળીની ભૂમિકા ભજવતી હીરોઈન પણ સિલ્કનો સાડીઓમાં અને ફુલ મેકઅપ સાથે દેખાતી... પણ આજની ફિલ્મોમાં મારધાડને બાદ કરતાં અતિશયોક્તિ દેખાતી નથી. જે પ્રમાણે ફિલ્મોનાં કેરેકટર લાર્જર ધેન લાઈફ નથી હોતાં એમ જ એમનાં કપડાં, મેકઅપ, હેર સ્ટાઈલ પણ વધારે પ્રમાણમાં નથી હોતી અને એટલે જ ગ્લેમરની ગલ્લીમાં સ્ટ્રીટ સ્ટાઈલ્સ દેખાય છે!!

છેલ્લા સો વર્ષોમાં ફિલ્મોની સ્ટાઈલ સ્ટેટમેન્ટમાં થયેલો કદાચ આ સૌથી મોટો ફેરબદલ છે. સિનેમા હૉલથી મોબાઈલનાં સ્ક્રીન સુધી પ્રવાસ કરનારી ફિલ્મો સ્ટાઈલની બાબતમાં પણ ઝડપથી સમકાલીન થાય છે. ‘હિન્દુસ્તાની’ ફિલ્મનો કમલ હસન, ‘ગઝની’નો આમીર ખાન, ‘રોબૉટ’નો રજનીકાન્તમાં મેકઅપ જોઈએ તો છક્ક થઈ જવાય. મેકઅપથી ગેટઅપમાં ‘પા’નો અમિતાભ પણ આવી જાય. મેકઅપ કેરેકટર બદલી અભિનય કરવાનો એક ટ્રેન્ડ ચાલ્યો એવામાં ‘પ્રહાર’ ફિલ્મમાં નાના પાટેકરે મેકઅપ વગર માધુરી દિક્ષિત જેવી હીરોઈન સાથે આખી ફિલ્મ બનાવી હતી!!

(અનુસંધાન પાના નં. ૬ પર)

# વારિસનું બાળપણ જિબ્રા - જિરાફ - શિયાળ સાથે દોડ લગાવવામાં વીત્યું પણ પાંચ વર્ષની ઉંમર થતાવેંત જ એની જિંદગી કઠણ બની અને એને સમજાયું કે આફ્રિકન સ્ત્રી એટલે અસહ્ય પીડા સાથે અસહાયપણે જીવવું...

**પારિજાત**
**- રેખા ભટ્ટ**

હું એવી કવિતા લખવા માગું છું જે મારી વાત કરે,
એક વ્યક્તિ સાથે વાત કરે, અસંખ્ય લોકો સાથે વાત કરે,
હું એવી કવિતા લખવા માગું છું, જે રોટીની વાત કરે,
માટીની વાત કરે, બહેતર જિંદગી માટે
સંઘર્ષ કરનારી પ્રજાની વાત કરે.

**- નાઝિમ હિકમત**
**(તુર્કસ્તાનનો જનવાદી ક્રાંતિકારી કવિ)**
**સૌજન્ય - ‘વિચારવલોણું’ પ્રકાશન**

‘હેટ્સ ઑફ ટુ વારિસ’

પોતાની જાતથી ઉપર ઉઠીને બીજાને વિચાર જયારે કોઈ કરે છે ત્યારે એના વિષે વાત કરવાનું સૌને ગમે છે. આમ તો ખૂબ લખાઈ ગયુંછે તેમ છતાં ‘વારિસ ડીરી’ વિષે લખવાની લાલચ થઈ આવે એવુંએનુંસંઘર્ષમય જીવન છે.

વારિસ ડીરી’ - **Waris dirie** -નું નામ ફૅશન જગત માટે અજાણ્યું નથી. ‘રેવલોન’ - ‘લેવિસ’ જેવી બ્રાન્ડનો ચહેરો અને જૅમ્સ બૉન્ડની હીરોઈન - પણ એક સમયે સોમાલિયાના - રણપ્રદેશમાં ઘેટાબકરાં ચારતી વારિસ આંતરરાષ્ટ્રીય મેગેઝીન ‘વૉગ’ ના પાનાં પર કેવી રીતે ચમકી!

વારિસનું બાળપણ જિબ્રા - જિરાફ - શિયાળ સાથે દોડ લગાવવામાં વીત્યુંપણ પાંચ વર્ષની ઉંમર થતાવેંત જ એની જિંદગી કઠણ બની અને એને સમજાયું કે આફ્રિકન સ્ત્રી એટલે અસહ્ય પીડા સાથે અસહાયપણે જીવવું...



સોમાલિયામાં એવી માન્યતા છે કે બાળકીની સુન્નત ન કરાય ત્યાં સુધી તે પરણવાલાયક નથી - ગંદી છે. તેથી ધરાર નાની બાળકીઓના નાજુક અંગો કાપી નાખવામાં આવે છે. છરીથી - બ્લેટથી - પથ્થરથી - ‘ઘા’ ને અણઘડ રીતે ટાંકા મારી સીધી લેવામાં આવે છે અને પેશાબ માટે નાનું એવું છિદ્ર રાખવામાં આવે છે. કેટલીયે બાળખીઓ આ વિધિને કારણે થતા ચેપથી - ધનુરથી રિબાઈને મૃત્યુ પામે છે.

વારિસ ડીરી એ પણ પાંચ વર્ષની માસૂમ ઉંમરે અર્ધબેભાન અવસ્થામાં ઘણી પીડાઈ પણ સદ્નસીબે બચી ગઈ. તેની ૧૩ વર્ષની ઉંમર થતાં વેંત પિતાએ તેનું લગ્ન કરવાનું નક્કી કરી દીધું. પાંચ ઊંટના બદલામાં - ૬૦ વર્ષનાં એક વૃધ્ધ સાથે... પણ વારિસે નક્કી કર્યું કે હું આવું જીવન નહીં જીવું - હું ભાગી જઈશ પોતાની માને ભાગી જવાનો ઈરાદો જણાવી સોમાલિયાની રાજધાની મોગાદિશુ પહોંચવાનું નક્કી કરી દીધું.

અને એક રાત્રે મોકો જોઈ ભાગી જવાની અંધારી રાત્રે, સાથે ખોરાક - પાણી લીધા વિના - લોહી નીકળતા પગથી થાકીને ભૂખ-તરતથી બેહાલ એક ઝાડ નીચે ઢળી પડી. આંખ ખૂલી તો સામે વિકરાળ સિંહ! સિંહ હોઠ પર જીભ ફેરવી રહ્યો હતો પણ થોડી વાર પછી જતો રહ્યો. અને વારિસનો જીવ બચી ગયો. ત્યારે એને થયું કે મને જીવતી રાખવા પાછળ કુદરતનો ચોક્કસ ઉદ્દેશ હશે. તેથી ઈશ્વરને પોકાર કર્યો, ‘મને, રસ્તો બતાવ.’

અને રણમાં અથડાતી કુટાતી મોગાદિશુ પહોંચી પોતાની બેનના ઘરે. ત્યાંથી માસીના ઘરે - ત્યાંથી માસાના ઘરે - લંડન. બધી જ જગ્યાએ કામ ઘરનોકરનું જ. સખત મજૂરી - અંગ્રેજી આવડે નહીં - તે નિઃસુલ્ક વર્ગોમાં જઈ શીખી.

એની સુંદરતા જોઈને એક ફોટોગ્રાફરે કાર્ડ આપ્યું. ને કશું ના સમજાતાં કાર્ડ પર્સમાં મુકી દીધું. ઘણાં લાંબા સમય પછી એક આફ્રિકન સ્ત્રીને મળીને તેની સાથે વાત કરી ફોટોગ્રાફરનું કાર્ડ લઈ સ્ટુડિયોમાં ગઈ. ત્યાં સુંદર મૅક-અપ કરી તેની તસવીરો બહાર પડી અને વારિસ ઘરનોકરમાંથી સુપર મૉડલ બની ગઈ. ચમકી ગઈ. પિરેલ્લી કૅલેન્ડરે આફ્રિકન સ્ત્રીઓને રજૂ કરતાં કેલેન્ડરમાં ચમકાવી ફર્સ્ટ બ્રેક આપ્યો. પણ એણે પાછું વાળીને જોયું નહીં... પેરિસ, મિલાન, ન્યૂયોર્ક... કેટલાંય શહેરો કેટલાંય મેગેઝીનો... માં ચમકતી રહી. દરમિયાન સુન્નતના કારણે પેશાબ કરવામાં થતી અસહ્ય વેદનામાંથી છૂટકારો મેળવવા ઑપરેશનનો સહારો લીધો. એ પછી એને લાગ્યું કે એ હવે સ્વર્ગમાં છે.

૧૯૯૫માં બી.બી.સી.એ ડૉક્યુમેન્ટરી બનાવવી શરૂ કરી એના ‘સુપર મૉડલ’ તરીકેનો જીવન પર. તે સમયમાં જ લગ્ન કર્યાં. પુત્રને જન્મ આપ્યો. અને ફરીવાર તેને સોમાલિયાની સ્ત્રીઓને થતી તકલીફોનો અહેસાસ થતાં, લોકોને આ ક્રૂર-ઘાતકી રિવાજ અંગે જાગૃત કરવા ‘ફૅશન મેગેઝીન’ ની પત્રકારને ઈન્ટરવ્યુ આપતાં પોતાની અંગત વાતો હિંમતપૂર્વક રજૂ કરી. આ સાંભળતાં સાંભળતાં પત્રકાર પણ રડી પડી. અને મેગેઝીનમાં ઈન્ટરવ્યુ રજૂ થતાં ચારે તરફથી પત્રો - ઈમેલસનો મારો ચાલુ થયો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા


**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૩૦મી મે**



જોન. ઓફ આર્ક. સંત, નીડરતાનું પ્રતીક અને સત્યના ઉપાસક, ફ્રાન્સની જોન ઓફ આર્ક સાદી સીધી ભરવાડની પુત્રી હતી. માતૃભૂમિને મુક્ત કરનારી હતી. ભરવાડ કન્યાનું વીરોચિત કાવ્ય એકદંત કથા છે. તેમ લોકો માને છે પણ જોન ઓફ આર્ક ફ્રાન્સની સ્વાતંત્ર્યતાની પ્રહરી હતી. ૧૪૩૧માં તેમનું નિધન થયું.

● ૧૮૬૧ - ૩૦મી મે



સાંજે ૪-૪૫ કલાકે શેઠ રણછોડલાલ તરફથી અમદાવાદની પ્રથમ મીલનું ઉદઘાટન થયું.

● સ્વ રામાનંદ ચટ્ટોપાધ્યાય - ઉત્તમ સંપાદક - પત્રકારનો જન્મદિન : ૧૮૬૫.

● સાહિત્ય સર્જન કર્ટને ફ્રાન્સની ક્રાંતિમાં મહત્ત્વનો ફાળો આપનારા લેખક ‘વેલ્ટર’નું અવસાન : ૧૭૭૮.